દિવ્ય ભાસ્કર

Date: 01 August, 2017 Page #6

# IIT રામના 24 વિદ્યાર્થીઓને 10.50 લાખ સુધીનું પેકેજ

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ખોખરાની આઈઆઈટી રામ ઈજનેરી સંસ્થાના સિવિલ-ઈલેક્ટ્રિકલ બ્રાન્ચના 24 વિદ્યાર્થીઓને સિવિલ અને ઈલેક્ટ્રિકલ સેક્ટરની કંપનીઓએ વાર્ષિક રૂ. 2.16 લાખથી રૂ. 10.50 લાખ સુધીનાને જોબ પેકેજ ઓફર કરવામાં આવ્યું છે. આ સંસ્થામાં શૈક્ષણિક વર્ષ 2017 જાન્યુઆરી- મે મહિના દરમિયાન યોજાયેલા જોબ પ્લેસમેન્ટમાં કુલ 15થી વધુ કંપનીએ ભાગ લીધો. વિદ્યાર્થીઓ ટૂંક સમયમાં કંપનીમાં જોબ જોઈન કરશે.

આઈઆઈટી રામના રજિસ્ટ્રાર ડો.એન.એમ. ભૂપતાણીએ જણાવ્યું છે કે, 'અમારા 24 વિદ્યાર્થીએ આ પ્લેસમેન્ટમાં ભાગ લીધો હતો. બાકીના 17 વિદ્યાર્થીઓ બીઈ કર્યા પછી અમેરિકા ગયા છે.